વિકસતી જાતિ કલ્યાણ ખાતાની શિષ્યવૃત્તિની યોજનાઓના અમલીકરણ માટે NIC, ગાંધીનગર ખાતે કરાર આધારિત મેન પાવર પૂરો પાડવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/EoD/e-file/17/2022/0002/A section
સચિવાલય, ગાંધીનગર
તા:૧૫/૧૨/૨૦૨૩

**વંચાણે લીધું**:-

(૧) વિભાગનો તા:૨૧/૦૧/૨૦૨૦નો પત્રાંક: મકમ/૧૧૨૦૨૦/૬૪૭૩૫૮/અ

(૨) વિભાગનો તા:૧૮/૦૭/૨૦૨૩નો સમાનાંકી ઠરાવ

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીનો તા:૨૭/૧૦/૨૦૨૩નો પત્ર ક્રમાંક:DDCW/0089/10/20

**આમુખ**:-

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના પત્રથી વિકસતી જાતિ કલ્યાણ ખાતાની ગુજરાત સરકારની તથા ભારત સરકારની શિષ્યવૃત્તિ યોજનાઓના અમલીકરણ માટે ડીજીટલ ગુજરાત પોર્ટલની કામગીરી માટે નેશનલ ઈન્ફોર્મેટીક સેન્ટર (NIC) ગાંધીનગર ખાતે ડોટ નેટ ટેકનોલોજીની સ્કીલ ધરાવતા ૦૧ સીનીયર પ્રોગ્રામર અને ૦૧ પ્રોગ્રામરની કરાર આધારિત સેવાઓ iNDEXTb પાસેથી લેવાની અનુમતિ આપવામાં આવેલ છે. જેની મુદ્દત વખતો વખત લંબાવવામાં આવેલ છે.

૨. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના ઠરાવથી ઉક્ત મેનપાવરની કરાર આધારિત સેવાઓ જાન્યુઆરી-૨૦૨૩ થી ૧૧ માસની મુદ્દત માટે ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. જેની મુદ્દત પૂર્ણ થતી હોવાથી વંચાણે લીધેલ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલ ક્રમાંક (૩) ના પત્રથી ઉક્ત કામગીરી માટે iNDEXTb મારફત ડોટ નેટ ટેકનોલોજીની સ્કીલ ધરાવતા ૦૧ સીનીયર પ્રોગ્રામર અને ૦૧ પ્રોગ્રામરની કરાર આધારિત સેવાઓ ડિસેમ્બર- ૨૦૨૩ થી વધુ ૧૧ માસની મુદ્દત માટે NIC, ગાંધીનગર ખાતે લંબાવવાની દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા અમલિત કેંદ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની પ્રિ-મેટ્રીક તથા પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓના ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન અમલીકરણ માટે નેશનલ ઇન્ફોર્મેટીક્સ સેન્ટર (NIC), ગાંધીનગર ખાતે ડોટ નેટ ટેકનોલોજીની સ્કીલ ધરાવતા ૦૧ સીનીયર પ્રોગ્રામર અને ૦૧ પ્રોગ્રામરની કરાર આધારિત સેવાઓ નીચેની શરતોને આધીન ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | અનુભવ | માસિક મહેનતાણુ |
|---|---|---|---|---|
| ૧ | સીનીયર પ્રોગ્રામર | ૧ | ૦૫ વર્ષનો અનુભવ | રૂ. ૧,૦૩,૫૦૦/- |
| ૨ | પ્રોગ્રામર | ૧ | ૦૨ વર્ષનો અનુભવ | રૂ. ૪૭,૦૯૩/- |

શરતો:-

(૧) ઉપર દર્શાવેલ સેવાઓ માટે કરાર આધારિત મેનપાવર iNDEXTb પાસેથી મેળવવાનો રહેશે.

(૨) સદર મેનપાવરનો ખર્ચ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને ફાળવવામાં આવતી આઇ.ટી. સદરની ગ્રાન્ટ હેઠળ કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત મજૂરીની માન્યતા ડિસેમ્બર-૨૦૨૩ થી ઓક્ટોબર-૨૦૨૪ સુધી એટલે કે ૧૧ માસ માટેની ગણાશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા:૧૧/૧૨/૨૦૨૩ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરિત આર. દોશી

સેક્શન અધિકારી

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

1. માન.મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.વિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન. રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.વિ. ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા. અને અધિ.વિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અધિ.વિ.), સચિવાલય, ગાંધીનગર.
5. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
7. જિલ્લા તિજોરી અધિકારી, ગાંધીનગર.
8. સેક્શન અધિકારીશ્રી (બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સેક્શન અધિકારી (કોમ્પ્યુ.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર- આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ..
10. શાખા સિલેક્ટ ફાઈલ.
11. નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:H R Doshi
Section Officer
Date: 2023.12.15
17:32:52 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign